# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ માં જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે બે વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણ પત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી તૈયાર કરી શાળાઓને માર્ચ-૨૦૨૦ ની પરીક્ષાના પરિણામ સાથે મોકલવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયની પરીક્ષામાં નાપાસ છે અને પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક હોય તેવા પરીક્ષાર્થીઓ વર્ષ- ૨૦૨૦ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા hscsciexamreg.gseb.org પરથી ONLINE કરવાનું રહેશે. (આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલ દ્વારા આવેદન સ્વીકારવાની પધ્ધતિ હવે પછીથી અમલમાં રહેશે નહી.)

પરીક્ષા માટેનું આવેદન તા.૧૧/૦૬/૨૦૨૦ બપોરે ૧૪:૦૦ કલાકથી તા.૨૦/૦૬/૨૦૨૦ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

**ખાસનોંધ:-**

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા – ૨૦૨૦ માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
2. અગાઉ તા.૨૨/૦૫/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ કરેલ પરિપત્રમાં ટપાલ દ્વારા પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓની યાદી અને ફી ભર્યાનું ચલણ મોકલી આપવાની સુચના આથી રદ કરવામાં આવે છે.
3. COVID-19 ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ શાળા પર જઇ આવેદન માટેની સંમત્તિ તથા ફી ન આપી શકે તેમ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે.
4. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ તા.૧૧/૦૬/૨૦૨૦ ના રોજ ઉપરોકત વેબસાઇટ પર મૂકવામાં આવશે.

ક્રમાંક:/મા.વિ.૬/પરિણામ/૨૦૨૦/ (હસ્તલિખિત)
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૦૮/૦૬/૨૦૨૦

**નકલ રવાના જાણ તથા અમલસારૂ.**

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ મા.શાળાઓ ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner